**AF-21128** Seat No. ________

# B. A. (Non CBCS) Examination

**February – 2016**

## Gujarati : Paper - II

**[Essay (Optional)]**

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નના જવાબ લખવાના છે.

(૨) પ્રત્યેક પ્રશ્નના જુદા જુદા ગુણ દર્શાવેલ છે.

૧ કોઈપણ એક વિષય પર નિબંધ લખો : ૩૦

(૧) મારો પ્રિય કવિ

(૨) નારી સ્વાતંત્ર્ય : ભાવના અને વાસ્તવિકતા

(૩) બેકારી : આજનો પ્રાણપ્રશ્ન

(૪) વર્તમાન શિક્ષણ : દશા અને દિશા

(૫) રાષ્ટ્ર પ્રત્યે યુવાનોનો ફાળો.

૨ નીચેના પરિચ્છેદનો અર્થવિસ્તાર કરો : ૨૦

''કવિતા એ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો-ચૈતન્ય, વ્યાપન અને અનેકતામાં એકતા-એ કવિતામાં અવશ્ય હોવા જોઈએ. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઈએ. આત્માં જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં, બુદ્ધિમાં, હૃદયમાં અને કૃત્તિમાં અને એ ત્રણેથી પર પરમાત્મારૂપમાં બિરાજી રહેલો છે તેમ કવિતા પણ મનુષ્યના બુદ્ધિ, હૃદય. કૃત્તિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા-એ સૌની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઈએ. કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મ અનેકતામાં એકતા છે. એક જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો, પ્રસંગો, ઉક્તિઓ, રસવૈવિધ્ય અને વર્ણનો રચવા તેમાં કવિનું માહાત્મ્ય રહેલું છે.''

- આનંદશંકર ધ્રુવ

૩ તમારી માર્કશીટમાં ભૂલ રહી ગઈ છે એ ભૂલ દૂર કરવા યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રીને અરજી કરો. ૧૫

**અથવા**

૩ કોમ્પ્યૂટર તાલીમી કોર્ષમાં જોડાવાની ભલામણ કરતો એક પત્ર મિત્રને લખો. ૧૫

૪ નીચેના ગદ્યખંડને સંક્ષેપ કરો : ૨૦

''એક અરિસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયા તો એમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. અજ્ઞાન અને દુષ્ટતા આપણાં હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું સૌથી મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતા વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ, જે એમ વિચારે છે કે, બીજાઓની પહેલા હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલા હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થી મનુષ્ય કહે છે, 'હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું.' આ નિઃસ્વાર્થ વૃત્તિ જ ધર્મની કસોટી છે.''

- સ્વામી વિવેકાનંદ

૫ સૂચના પ્રમાણે જવાબ આપો :

(અ) કોઈ પણ પાંચના પર્યાયવાચી શબ્દ આપો : ૫

કિનારો, ઝાડ, પતિ, પવન, બક્ષિસ, ભાલ, યુદ્ધ, વાસણ

(બ) કોઈપણ પાંચના વિરોધી શબ્દો લખો : ૫

| | |
|---|---|
| અતિવૃષ્ટિ ________ | સદાચાર ________ |
| અદ્યતન ________ | પરતંત્ર ________ |
| સાર્થક ________ | બેવફા ________ |
| શ્વેત ________ | દયાળુ ________ |

(ક) કોઈપણ પાંચ સામાસિક શબ્દ લખો : **૫**

(૧) ખૂબ સંકુચિત દૃષ્ટિવાળું _________

(૨) પોતાની જાત ઉપર કાબૂ રાખે તેવું _________

(૩) આકાશ અને પૃથ્વી જ્યાં મળતાં દેખાય છે તે રેખા _________

(૪) બીજાએ લખેલું જીવનવૃતાંત _________

(૫) લેખકે ધારણ કરેલું બીજું નામ _________

(૬) પોતાની જાતને અર્પણ કરવું તે _________

(૭) ભોજન પછી ડાબે પડખે સૂવું તે _________

(૮) સાંભળતાવેંત જવાબ આપે તેવું _________